# Children's UNIVERSITY

## જાહેરાત ક્રમાંક: 3/2023

| No. | Name of Post | No. of Post | Category | Pay Scale as per 6th pay Commission |
|---|---|---|---|---|
| 1. | **Senior Clerk** | 01 | OPEN (Vacancy against Lien) | 5200-20200 GP- 2400<br>સરકારશ્રીના ધારાધોરણ મુજબ ફીકસ પગાર રૂ. ૨૬૦૦૦/-(પાંચ વર્ષ)<br>આ જગ્યા પર ફરજ બજાવતા કર્મચારી લિયન પર છે. જો તેઓ યુનિવર્સિટીની આ જગ્યા પર પરત આવશે તો આ જગ્યા પરની નવી નિમણૂક રદ થશે. |

## અગત્યની સૂચનાઓ:

1. લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા. ૦૪/૧૧/૨૦૨૩ થી તા. ૨૦/૧૧/૨૦૨૩ (સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી) ફક્ત ઓનલાઈન અરજી કરવાની રહેશે.
2. આ જગ્યા લિયનથી ખાલી થયેલી જગ્યા હોવાથી આ લિયન વાળી જગ્યા તા. ૩૦/૧૦/૨૦૨૫ સુધી લિયનમાં રહેશે. જો તેઓ યુનિવર્સિટીની આ જગ્યા પર પરત આવશે તો આ જગ્યા પરની નવી નિમણૂક રદ થશે.
3. રાષ્ટ્રીયતા :-
   ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૭૬ના નિયમ-૭ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.
4. શૈક્ષણિક લાયકાત:

| **Name of Post** | Senior Clerk (Vacancy Against Lien) |
|---|---|
| **No. of Post** | 1 Open |
| **Type of Recruitment** | Direct |
| **Age Limits** | Not More than 35 year |
| **Qualification & Experience** | • Bachelor degree of recognized University<br>• Three years' experience in the area of Administration /Establishment/ Accounts and Finance / HR/Purchase work or equivalent in a University/ Government /Government Public Sector<br>• ICT skills and experience of working on computer is preferable .<br>• Proficiency in the regional language Gujarati. |
| **Method of Recruitment** | Based on Written Test and Skill Test. |
| **Pay Band**<br>**(as per Six Pay Commission)** | Pay Band – 5200-20200 GP –2400 ( Rs. 26000 Fixed as per GOG Norms.) |

5. **શૈક્ષણિક લાયકાત :-**

જાહેરાતમાં માંગ્યા મુજબની જરૂરી શૈક્ષણિક લાયકાતની સંપૂર્ણ વિગતો ઉમેદવારે અરજીપત્રકમાં અવશ્ય દર્શાવવી તથા અરજીપત્રકમાં જણાવેલ લાયકાતના સમર્થનમાં ડીપ્લોમા/ડીગ્રીના પ્રમાણપત્રો અને/અથવા ગુણપત્રકની અચૂક અપલોડ કરવી

6. **અનુભવ :-**

જાહેરાતમાં માંગ્યા મુજબનો અનુભવ ધરાવનારે ઉમેદવારે તે અંગેની સંપૂર્ણ વિગતો અરજીપત્રકમાં અવશ્ય દર્શાવવી તથા તે અંગેના પ્રમાણપત્રોની નકલ અરજી સાથે અચૂક અપલોડ કરવી

7. **વયમર્યાદા :-**

મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગના ઉમેદવાર તથા મહિલા, વિકલાંગ તેમજ માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ગુજરાત સરકારશ્રીના નિયમોનુસાર પ્રમાણપત્ર ઓનલાઈન અરજીમાં સામેલ(અપલોડ) કરવાથી(૪૫ વર્ષથી વધે નહી તે રીતે) વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.

**શરતો :-**

1) ઉમેદવારની ખોડખાંપણ ૪૦% કે તેથી વધુ ટકાવારી ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફિકેટ ધરાવતા હશે તો જ વિકલાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદાનો લાભ મળશે.
2) શારીરિક અશક્તના અંગે સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપરીટેન્ડન્ટ/સિવિલ સર્જન/ મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

8. **જન્મ તારીખ :-**

ઉમેદવારે અરજી પત્રકમાં પોતાની જન્મ તારીખ દર્શાવીને જન્મ તારીખના તે પ્રમાણપત્રની નકલ અરજી સાથે બીડવી

9. **વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ :-**

તમામ ઉમેદવારોના કિસ્સામાં ગુજરાત સરકારના વખતો વખતના નિયમોને આધિન વયમર્યાદા જાહેર ખબરની ઓનલાઈન કરવાની અરજીની અંતિમ તારીખની સ્થિતિને ધ્યાને લેવામાં આવશે.

10. **પ્રોસેસિંગ/પરીક્ષાફી :-**

ફોર્મ ભરતી વખતે ''જનરલ'' કેટેગરીના હોય તેવા તમામ ઉમેદવારોએ પ્રોસેસિંગ/અરજી ફી રૂા.૮૦૦/-તથા અનામત કેટેગરીના તમામ ઉમેદવારોએ પ્રોસેસિંગ/અરજીની ફી પેટે રૂા.૪૦૦/- **Online Payment** સીસ્ટમથી ભરવાના રહેશે. અન્ય કોઈ રીતે ફી સ્વીકારવામાં આવશે નહિં. ફી ભર્યા બાદ, રીફંડ કોઈપણ સંજોગોમાં મળવાપાત્ર નથી તેમજ ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહિં.

11. **ના વાંધા પ્રમાણપત્ર (No objection Certificate) :-**

''ગુજરાત સરકારશ્રીના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારી/કમર્ચારીઓ, ભારત સરકાર અથવા અન્ય રાજ્યોની સરકારના સરકારી/અર્ધસરકારી/સરકારીહસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાંસેવાબજાવતા અધિકારી/કર્મચારી ઓએ પોતાના વિભાગ/ખાતા/કચેરી મારફત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધી મળે તે રીતે યુનિવર્સિટીને અરજી મોકલવાની રહેશે.

12. <u>પસંદગી પ્રક્રિયા :-</u>

- સિનિયર કલાર્ક, ફિક્સ પગારની જગ્યા ઉપર પસંદગી પામવાના હેતુસર ઉમેદવારે સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા તથા કૌશલ્ય પરીક્ષા કસોટીની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે.
- લેખિત પરીક્ષા MCQ આધારીત રહેશે. જેમાં સામાન્ય જ્ઞાન, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી તેમજ અન્ય સંબધિત બાબતો રહેશે.
- કૌશલ્ય પરીક્ષા કોમ્પ્યુટર પર ટાસ્ક આધારીત પ્રાયોગિક પ્રશ્નો રહેશે.

## સામાન્ય સૂચનાઓ

1. શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતી (કેટેગરી-SC-ST–SEBC-EWS), માજી સૈનિક, સ્પોર્ટ્સ, શારીરિક ખોડ–ખાંપણ અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ યુનિવર્સિટી માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્ષ નકલો સહીત) રજુ કરવાના રહેશે. એવા પુરાવા રજુ નહિં કરી શકનાર ઉમેદવારનું અરજીપત્રક જે તે તબક્કેથી ‘‘રદ્દ’’ થશે.
2. અરજદારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ)માં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિં. અરજીમાં ઉમેદવારે દર્શાવેલી કેટેગરી અને ઉમેદવારની ખરેખર કેટેગરીમાં તફાવત માલુમ પડશે તો, તેવી અરજી રદ્દ થશે.
3. ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં તાજેતરનો ફોટો અપલોડ કરવાનો રહેશે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતા વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે. જો પરીક્ષા સમયે હાજરીપત્રકમાં તે જ ફોટો લગાવવાનો રહેશે તેમજ યુનિવર્સિટી માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે.
4. ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસ દર્શાવે તે ચાલુ રાખવો ભાવિષ્યમાં યુનિવર્સિટી તરફથી આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMSથી કે ઈ–મેઈલમાં મોકલવામાં આવશે, તેથી દશાર્વેલ મોબાઈલ નંબર અને ઈ–મેઈલ બદલવો નહિં.
5. આ જગ્યા ઉપર તા. ૩૦/૧૦/૨૦૨૫ સુધી લિયન ઉપર ફિક્સ પગારથી લાયક ઉમેદવારને નિમણૂક આપવામાં આવશે. જો તા. ૩૦/૧૦/૨૦૨૫ સુધીમાં આ જગ્યા પર લિયન પરના કર્મચારી પરત નહી આવે તો ૫ (પાંચ) વર્ષના કરાર આધારીત ફિક્સ પગારી જગ્યા ઉપર યુનિવર્સિટી દ્વારા બાકીના વર્ષ માટે આપની કામગીરીને ધ્યાને લઈ નિંમણૂંક લંબાવવામાં આવશે. અને જો લિયન પરના યુનિવર્સિટીના કર્મચારી યુનિવર્સિટીની આ જગ્યા પર પરત આવશે તો આ જગ્યા પરની નવી નિમણૂક રદ થશે. અને આ જગ્યાના વખતો વખતના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કૌશલ્ય પરીક્ષા નિયમો મુજબ નિયત પરીક્ષાઓ આ સમયગાળા દરમિયાન યુનિવર્સિટી તે અંગેના પ્રવર્તમાન નિયમ પ્રમાણે પાસ કરવાની રહેશે.
6. પસંદગી પામેલ ઉમેદવારને યુનિવર્સિટી જે કોઈ જવાબદારી સોંપશે તે નિભાવવાની રહેશે.
7. આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક યુનિવર્સિટી ઠરાવે તે શરતોને આધીન રહેશે.
8. ઉમેદવાર પોતે મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હકદાર થશે નહિં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને ખાતરી થાય કે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી માટે તે પ્રવર્તમાન નિયમોથી ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતા નથી. તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેમની નિમણૂંક 'રદ' કરીને પડતા મૂકી શકાશે. નિમણુંક બાબતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

9. આ જાહેરાત કોઇપણ કારણોસર ‘‘રદ’’ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો, તેમ કરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિં. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહિં.

10. યુનિવર્સિટીની વેબસાઇટ: www.cugujarat.ac.in નિયમિતપણે જોતા રહેવા ઉમેદવારોને ખાસ સૂચના આપવામાં આવે છે.

11. **યુનિવર્સિટી જે કોઇ ઉમેદવારને નીચે મૂજબની બાબતોમાં કે અન્ય બાબતોમાં દોષિત ઠેરવશે તો તેની ઉમેદવારી રદ્ઘ કરવામાં આવશે.**

- જો ઉમેદવાર કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે યુનિવર્સિટીના કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે.
- બીજાનું નામ પણ ધારણ કરાવવા માટે.
- બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે.
- બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે.
- યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છૂપાવતા હોય તેવા નિવેદનો  કરવા માટે.
- પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા યોગ્ય સાધનનો આશ્રય લેવા માટે.
- પરીક્ષા દરમિયાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્બારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે.
- લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે.
- OMR/ઉત્તરવહીમાં પોતાની ઓળખસૂચક કોઇપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ, ચિહ્ન કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરવા માટે.
- પરીક્ષા ખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણૂંક કરવા માટે.
- પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે.
- પૂર્વવતી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે  મદદગીરી કરવા માટે. **અથવા**
- પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પત્ર થવા ઉપરાંત(ક) યુનિવર્સિટી, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે. અથવા(ખ)(૧) યુનિવર્સિટી સીધી પસંદગી માટે લેવાની કોઇપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઇપણ રૂબરૂ મુલાકાતમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ માટે ગેરલાયક/બાબત કરી શકશે.

- ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ/યુનિવર્સિટી દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપેઆપ રદ્દ થવાને પાત્ર બનશે.

12. **નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ્દ કરવામાં આવશે.**

(આ યાદી માત્ર ઉદાહરણરૂપ સ્વરૂપે છે. જે સંપૂર્ણ નથી.)

- ઓનલાઈન અરજી કરેલ ન હોય.
- અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.
- અરજીમાં ઉમેદવારે સહી કે પાસપોર્ટ સાઈઝનો ફોટો અપલોડ ન હોય.
- ઉમેદવારે પૂરેપુરી ફી ન ભરેલ હોય.
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક પછાતવર્ગ, શારીરિક ખોડ–ખાંપણ ધરાવતા ઉમેદવાર તેમજ માજી સૈનિક તેઓની કેટેગરી અંગેનું પ્રમાણપત્ર ધરાવતા ન હોય.
- સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું નોન–ક્રિમીલેયર પ્રમાણપત્ર ધરાવતા ન હોય.

આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમકરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને યુનિવર્સિટી, આ માટે કારણો આપવા બંધાયેલા રહેશે નહિં.

સ્થળ : ગાંધીનગર
તા.૦૪/૧૧/૨૦૨૩

રજિસ્ટ્રાર
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી
ગાંધીનગર